# હવામાન જ્યારે યુદ્ધનું પાસું પલટનાર પરિબળ બને...

આમ તો લશ્કર માટે કોઈ લશ્કરી મોરચે અથવા કોઈ લશ્કરી કાર્યવાહી દરમ્યાન ડગલે ને પગલે અવનવા પડકારો હોય જ છે. હકીકતે લશ્કરી જીવન એ વૈવિધ્યપૂર્ણ પડકારોનો પર્યાય હોય છે. જોકે લશ્કરને અને લશ્કરી જવાનોને પણ આ પ્રકારના જીવનની એવી આદત પડી ગઈ હોય છે અથવા કહો કે આકરી તાલીમ દ્વારા તેમને એ પ્રકારની આદત પાડી દેવામાં આવી હોય છે કે ક્યારેક પડકાર સાવ ન હોય અથવા ઓછા પડકારો હોય તો ખુદ લશ્કરી જવાનોને કંઈક અજુગતું લાગે છે. પરંતુ કદાચ એટલે જ લશ્કર અને લશ્કરી જવાનો પાસે પણ પડકારજનક પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી લેવાના અવનવા છતાં હાથવગાં નુસખા હોય જ છે. આ રીતે વિવિધ લશ્કરી મોરચે તેમજ અલગ-અલગ પ્રકારની લશ્કરી કાર્યવાહી દરમ્યાન સતત વિવિધ પડકારોનો સામનો કરતા લશ્કરી જવાનોનો સાથ ઘણીવાર ખુદ કુદરત પણ આપતી હોય છે. એટલે જ ભારત સહિત વિશ્વના અન્ય દેશોનો પણ લશ્કરી ઈતિહાસ તપાસતાં એવાં ઘણા લશ્કરી સંઘર્ષો અને યુદ્ધના દાખલા મળે છે જેમાં હવામાનમાં આવેલો અથવા આવી શકતો પલટો નિર્ણાયક સમયે કોઈ ચોક્કસ યુદ્ધ કે કોઈ ચોક્કસ લશ્કરી કાર્યવાહી દરમ્યાન તેનું પાસું પલટનાર પરિબળ બની રહ્યું હોય. આવાં યુદ્ધની યાદી આમ તો ઘણી લાંબી થાય પણ અહીં સરળતા ખાતર આ સંદર્ભે વૈશ્વિક લશ્કરી ઈતિહાસનાં કેટલાંક પસંદગીપૂર્વકનાં જાણીતાં યુદ્ધની જ વાત કરી છે.

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**



જૂન, 1812થી ડિસેમ્બર, 1812 દરમ્યાનનું નેપોલિયન બોનાપાર્ટનું રશિયા પરનું આક્રમણ: 1812માં નેપોલિયન બોનાપાર્ટે તે સમયનું તેનું ફ્રેન્ચ સામ્રાજ્ય પૂર્વ તરફ વિસ્તારવાનું નક્કી કર્યું હતું. આ માટે તેણે પોતાના સમયનું આંતરરાષ્ટ્રીય લશ્કર સજ્જ કર્યું અને તેને નેમન નદીની પેલે પાર દોરી ગયો. આ રીતે તેણે સત્તાવાર રીતે 6 મહિના લાંબા રશિયા પરના આક્રમક અભિયાનની શરૂઆત કરી. તે સમયે નેપોલિયનના સલાહકારોએ રશિયાના ગીચ જંગલો અને પડકારજનક હવામાન, ખાસ કરીને કપરા શિયાળા અંગે ચેતવણી આપી હતી પણ નેપોલિયને તેમને સધિયારો આપ્યો હતો કે રશિયામાં શિયાળો આવે તે પહેલાં જ તેનું આ અભિયાન સફળતાપૂર્વક પૂરું થઈ જશે. પરંતુ નેપોલિયનની આ ગણતરી ખોટી પડી હતી. કારણ કે તે રશિયામાં



પ્રવેશ્યો ત્યારે રશિયનો તેની સાથે લડવા જ ન માગતા હોય તેમ રશિયામાં છેક અંદર સુધી, રશિયાના અંતરિયાળ પ્રદેશો સુધી પીછેહઠ કરતા રહ્યા હતા અને શાંતિ મંત્રણાની ઓફર કરતા રહ્યા હતા. હકીકતે તેઓ આ ચાલ દ્વારા નેપોલિયનના લશ્કરને રશિયામાં બને તેટલું અંદર લઈ જવા સાથે અમૂલ્ય સમય પણ પસાર કરી રહ્યા હતા. કારણ કે શિયાળો નજીક આવતો હતો. 14મી સપ્ટેમ્બર, 1812ના રોજ નેપોલિયન છેવટે મોસ્કો પહોંચ્યો હતો પણ ત્યારે તેનું મોટું લશ્કર ચોથા ભાગનું થઈ ગયું હતું. મોસ્કોમાં પણ એક લલચામણા શાંતિ પ્રસ્તાવ માટે તેણે બીજા 5 અઠવાડિયા રાહ જોઈ. પછી શિયાળો નજીક આવતાં તેણે પીછેહઠ કરી પણ તે દરમ્યાન શિયાળો આવી ગયો અને નેપોલિયનના લશ્કરે ભારે ખુવારી વેઠવી પડી.

જૂન, 1941થી ડિસેમ્બર, 1941 દરમ્યાનનું હિટલરનું રશિયા પરનું આક્રમણ: બીજા વિશ્વયુદ્ધના આરંભે જ અથવા તે અગાઉ જર્મનીએ રશિયા સાથે મૈત્રી સંધિ કરી હતી પણ આ જ વિશ્વયુદ્ધના ઉત્તરાર્ધમાં રશિયા પર આક્રમણ કર્યું હતું અને આ જર્મનીની સૌથી મોટી ભૂલ તેમજ બીજા વિશ્વયુદ્ધનું પાસું પલટનાર ઘટનાક્રમ બની રહ્યો હતો એ જાણીતો ઈતિહાસ છે. અહીં પણ રશિયાનો શિયાળો જર્મની માટે વિલન બન્યો હતો. આ દરમ્યાન જ થયેલી બેટલ ઓફ બલ્જ (Battle of Bulge) દરમ્યાન રશિયાના કાતિલ શિયાળાની સૌથી વધુ અસર જોવા મળી હતી.

9 ઓગસ્ટ, 1945નો અમેરિકાનો જાપાનના નાગાસાકી શહેર પરનો પરમાણુ હુમલો: 6 ઓગસ્ટ, 1945ના રોજ અમેરિકાએ જાપાનના હીરોશિમા શહેર પર પરમાણુ બોમ્બ નાખ્યા પછી 9મી ઓગસ્ટ, 1945ના રોજ આ માટેનું બીજું ટાર્ગેટ પહેલાં જાપાનનું કાકુરો શહેર હતું પણ હુમલા સમયે ધુમ્મસના લીધે વિઝિબિલિટી ખરાબ હોવાથી નાગાસાકી શહેર પસંદ કરાયું. નાગાસાકીમાં પણ ધુમ્મસ તો હતું જ પણ તે દિવસે સવારે 11 વાગ્યાની આસપાસ વાદળા ઓછા થતાં ટાર્ગેટ વિઝિબલ બન્યું હતું. આમ, અહીં પણ હવામાન ચાવીરૂપ બન્યું હતું.

**અહીં રશિયાનો શિયાળો જર્મની માટે વિલન બન્યો હતો. આ દરમ્યાન જ થયેલી બેટલ ઓફ બલ્જ (Battle of Bulge) માં રશિયાના કાતિલ શિયાળાની સૌથી વધુ અસર જોવા મળી હતી**

આ ઉપરાંત આ યાદીમાં 1588માં ઈંગ્લેન્ડ સામેના યુદ્ધ દરમ્યાન થયેલા હવામાનના પલટાથી સ્પેનના લશ્કરનો થયેલો બચાવ, ઓગસ્ટ, 1776માં બ્રિટિશરો સામેની લડાઈમાં ઈસ્ટ રિવરના પ્રદેશમાં અચાનક છવાયેલા ધુમ્મસથી જોર્જ વોશિંગ્ટન અને તેના 9,000 સૈનિકોના સૈન્યનો ચમત્કારિક બચાવ તેમજ 1812માં વોશિંગ્ટન શહેર પર ફરી બ્રિટિશ આક્રમણ થયું ત્યારે આવેલો ચક્રવાત ચાવીરૂપ રક્ષા કવચ બન્યાની ઘટનાનો સમાવેશ થાય છે.

ભારતની વાત કરીએ તો ચીન સાથેના 1962ના યુદ્ધમાં તેમજ 1965ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં અનુક્રમે જે શિયાળો તેમજ ચોમાસુ અને શિયાળો આપણા માટે વિલન બન્યા તેમાંથી બોધપાઠ લઈને આપણા લશ્કરે 1971માં એવી વ્યૂહરચના કરી કે એ જ શિયાળો આશીર્વાદરૂપ અને નિર્ણાયક બન્યો એ પણ હવે જાણીતો ઈતિહાસ છે.

ટૂંકમાં, હવામાન માત્ર યુદ્ધનું પાસું જ નહીં ઈતિહાસ નવેસરથી લખવા માટે પણ સક્ષમ છે. •

### હાલના રશિયા-યુક્રેન યુદ્ધમાં પણ હવામાન એક ચાવીરૂપ પરિબળ રહ્યું છે

આજે તો રશિયા-યુક્રેન યુદ્ધને 4 વર્ષ થવા આવ્યા છે અને ઘણા ઉતાર-ચડાવ સાથે હજી પણ સત્તાવાર રીતે તો આ યુદ્ધ અનિર્ણિત જ રહ્યું છે. જોકે આ યુદ્ધમાં પણ હવામાન એક ચાવીરૂપ પરિબળ હોવાનો મુદ્દો આ યુદ્ધના આરંભથી જ એટલે કે 2022થી જ ચર્ચાતો રહ્યો છે. તે સમયના ઘણા આંતરરાષ્ટ્રીય સમાચારલક્ષી અહેવાલો જોઈએ તો સમજાય કે રશિયાએ તે સમયે યુક્રેન પર એકસામટા ભયંકર હવાઈ હુમલા કેમ શરૂ કરી દીધા હતા? કેમ કે રશિયામાં ભયંકર શિયાળો શરૂ થાય તે પહેલાં તેઓ આ આક્રમણ સંદર્ભે કોઈ નિર્ણાયક તબક્કે પહોંચવા માગતા હતા. જોકે આ યુદ્ધના આરંભે ખુદ રશિયન લશ્કર માટે પડકારો ઓછા નહોતા કારણ કે જમીનમાર્ગ કાદવ-કીચડવાળો હતો. જોકે વર્ષોથી આ સમયગાળાનો આ જ કાદવ-કીચડ રશિયનો માટે રક્ષા કવચ પણ રહ્યો છે કારણ કે તેના લીધે દુશ્મનો જમીનમાર્ગે રશિયા પર સીધું આક્રમણ કરી શકતા નથી. એ જ રીતે પડકારજનક શિયાળો પણ રશિયા માટે એક અનુકૂળ પરિબળ પણ છે. કારણ કે રશિયન લશ્કર બર્ફીલા માર્ગો પર અવરજવર અને યુદ્ધ કરવા માટે ટેવાયેલું છે. ટૂંકમાં, આ યુદ્ધમાં બંને દેશો માટે હવામાન આરંભથી એક ચાવીરૂપ પરિબળ રહ્યું છે. ટૂંકમાં, એક કેસ સ્ટડી તરીકે આ દૃષ્ટિએ પણ રશિયા-યુક્રેન યુદ્ધનો અભ્યાસ થવો જોઈએ.




# રોહિત શેટ્ટીની 'ગોલમાલ 5' માં વધુ બે ધુરંધરો દેખાશે!

બોલિવૂડમાં અત્યારે જાણે 'સિકવલ'નો મેળો ભરાયો છે! એક તરફ રણવીર સિંહની 'ધુરંધર ૨' અનેક રેકોર્ડ બનાવીને બોક્સ ઓફિસ પર તોફાન મચાવી રહી છે અને તેની ત્રીજી કડીની તૈયારીઓ ચાલી રહી છે ત્યાં બીજી બાજુ 'કોમેડીના કિંગ' ગણાતા રોહિત શેટ્ટીએ પોતાની સૌથી મોટી ફ્રેન્ચાઈઝી 'ગોલમાલ 5' નું એનાઉન્સમેન્ટ ટીઝર ધડાકાભેર રિલીઝ કરીને સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવી દીધો છે. વિડિયોની શરૂઆતમાં અજય દેવગણ અને અરશદ વારસી ૨૦ વર્ષના લાંબા સમયગાળાનો ઉલ્લેખ કરે છે. એ દર્શાવે છે કે મેકર્સ પ્રેક્ષકો સાથેના જૂના જોડાણને ફરી તાજું કરવા માંગે છે. 'ગોલમાલ' એક એવી ફ્રેન્ચાઈઝી છે જેની સફળતાનો દર ૧૦૦% રહ્યો છે અને આ વિડિયો તે ગરિમાને જાળવી રાખવાનો પ્રયાસ કરે છે. રોહિત શેટ્ટી જાણે છે કે જ્યારે તેની પાસે અજય, અક્ષય, શરમન, અરશદ અને શ્રેયસ જેવા ધુરંધર કલાકારો હોય ત્યારે કોઈની પણ બીક રાખવાની જરૂર નથી. 'ગોલમાલ' ગેંગના અસલ પાત્રોનું પોતાનું અલગ મહત્વ છે પણ અક્ષયની એન્ટ્રીથી ફિલ્મનું કદ ચોક્કસપણે વધી ગયું છે. તેની એન્ટ્રીથી સ્પષ્ટ થાય છે કે ફિલ્મમાં સ્ટાર પાવર વધારવા માટે આ મોટું પગલું લેવામાં આવ્યું છે. એક તરફ જ્યારે 'ભૂત બંગલા' જેવા ટીઝરમાં કોમેડી ઓછી હોવાની ફરિયાદો છે ત્યારે 'ગોલમાલ 5' ના આ વિડિયોએ માત્ર ૧.૩૫ મિનિટમાં પ્રેક્ષકોમાં ભારે ઉત્સુકતા જગાડી છે. સૌથી મોટી સરપ્રાઈઝ એ છે કે શરમન જોશીની વાપસી થઈ છે! રોહિત શેટ્ટીએ ખૂબ જ આત્મવિશ્વાસથી કહ્યું છે કે આ વખતે 'ગોલમાલ 1' કરતા પાંચ ગણી વધુ પાગલપંતી અને પાંચ ગણું વધુ કન્ફ્યુઝન લઈને આવશે. આ વિડિયો કોઈ મોટી વાર્તા નથી કહેતો પણ નોસ્ટાલ્જીયા અને નવા સરપ્રાઈઝના જોરે પ્રેક્ષકોને થિયેટર સુધી ખેંચી લાવવાની ખાતરી આપે છે.

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

આ ફ્રેન્ચાઈઝીની સૌથી મોટી ખૂબી તેની લેગસી છે. બોલિવૂડમાં કદાચ આ એકમાત્ર એવી ફ્રેન્ચાઈઝી છે જેની આજ સુધી એક પણ ફિલ્મ ફ્લોપ ગઈ નથી. ૨૦૦૬માં જ્યારે 'ગોલમાલ: ફન અનલિમિટેડ' આવી ત્યારથી લઈને આજ સુધી ગોપાલ, માધવ, લક્ષ્મણ અને લકીની ટોળકીએ પ્રેક્ષકોને પેટ પકડીને હસાવ્યા છે. આ ફિલ્મો માત્ર સિનેમા નથી પણ એક એવી ગેરંટી છે કે તમારી ટિકિટના પૈસા વસૂલ થશે જ. આ વખતે સૌથી મોટી અને ખુશીની વાત એ છે કે શરમન જોશી (લક્ષ્મણ) ની વાપસી થઈ રહી છે! પહેલા ભાગ પછી શરમન ગાયબ હતો અને તેની જગ્યાએ શ્રેયસ તલપડે આવ્યો હતો. ઓરિજિનલ લક્ષ્મણની જે સાદગી અને કોમિક ટાઈમિંગ હતું તે ચાહકો મિસ કરતા હતા. શરમન પાછો આવવાથી 'ગોલમાલ'ના મૂળિયાં ફરી મજબૂત થયા હોય તેવું લાગે છે. તેની અને અજય દેવગણની કેમિસ્ટ્રી ફરી એકવાર તે જૂના દિવસોની યાદ અપાવશે. ટીઝરમાં અક્ષયકુમારની એન્ટ્રી જે રીતે થાય છે તે જોઈને અજય દેવગણ હસીને કહે છે, 'કોઈ ભી ફ્રેન્ચાઈઝી નહીં છોડતા હૈ યે!' અજયની આ વાતમાં એક સત્ય છુપાયેલું છે કે અક્ષય અત્યારે લગભગ દરેક મોટી હિન્દી ફિલ્મ સીરીઝ (હાઉસફુલ, વેલકમ, હેરા ફેરી) નો હિસ્સો છે. તે દરેક પરિસ્થિતિ અને ફ્રેન્ચાઈઝીમાં ભળી જાય છે. 'ગોલમાલ 5' એ તેની ૮મી બોલિવૂડ ફ્રેન્ચાઈઝી છે.

**ટીઝરમાં અક્ષયકુમારની એન્ટ્રી જે રીતે થાય છે તે જોઈને અજય દેવગણ હસીને કહે છે, 'કોઈ ભી ફ્રેન્ચાઈઝી નહીં છોડતા હૈ યે!' અજયની આ વાતમાં એક સત્ય છુપાયેલું છે કે અક્ષય અત્યારે લગભગ દરેક મોટી હિન્દી ફિલ્મ સીરીઝ (હાઉસફુલ, વેલકમ, હેરા ફેરી) નો હિસ્સો છે**

અત્યારે ઈન્ટરનેટ પર એ સવાલ ટ્રેન્ડ કરી રહ્યો છે કે શું અક્ષયકુમાર વિલન હશે? અફવાઓ એવી છે કે અક્ષય અજય દેવગણ અને તેની ગેંગ સામે મુખ્ય વિલનની ભૂમિકા ભજવશે. અક્ષય અને અજય વચ્ચેની આ 'ટોમ એન્ડ જેરી' જેવી દુશ્મની જોવી ખરેખર મજેદાર રહેશે. તેનો લુક પણ ચર્ચામાં છે. તે ટકલા લુકમાં છે! અક્ષય કુમાર જ્યારે 'હાઉસફુલ ૪ ના બાલા પાત્રમાં ટકલા લુકમાં આવ્યો ત્યારે તેણે ધૂમ મચાવી હતી. અક્ષય કુમાર ટકલા તરીકે જામશે કે નહીં? એ તો સમય કહેશે પણ એટલું નક્કી છે કે તે પોતાની એનર્જીથી આખી ફિલ્મની લાઈમલાઈટ ચોરી લેવાની ક્ષમતા ધરાવે છે. અજય દેવગણનો સ્વેગ અને અક્ષય કુમારની હરામખોરી જ્યારે સામસામે ટકરાશે ત્યારે હાસ્યનું હુલ્લડ સર્જાશે એ નક્કી છે. અક્ષય કુમારનું પાત્ર આખી ગેંગને કેવી રીતે નચાવશે તે જોવું ખરેખર દિલચસ્પ રહેશે. શું અક્ષયના પંચ લાઈન્સ અજય દેવગણના ગંભીર લુક પર ભારે પડશે? એવા સવાલ સાથે ચાહકો તો અત્યારથી જ સોશિયલ મીડિયા પર 'ટીમ અજય' અને 'ટીમ અક્ષય' માં વહેંચાઈ ગયા છે. લેગસીની વાત કરીએ તો 'ગોલમાલ' એ એવી ફ્રેન્ચાઈઝી ફિલ્મ છે જે નાના બાળકથી લઈને દાદા-દાદી સુધી બધા સાથે બેસીને જોઈ શકે છે. આ ફિલ્મમાં કોઈ વલ્ગારિટી નથી હોતી બસ શુદ્ધ મનોરંજન હોય છે. આ વખતે શરમન જોશીની એન્ટ્રીથી ભાવનાત્મક જોડાણ વધશે જ્યારે અક્ષય કુમારની એન્ટ્રીથી ફિલ્મનું બોક્સ ઓફિસ કલેક્શન આસમાને પહોંચશે. 'ગોલમાલ ૫' નું શૂટિંગ ચાલુ થઈ ગયું છે અને ૨૦૨૭માં રજૂ થવાની શક્યતા છે.

**ઓટોગ્રાફ!**

અજય અત્યારે એવા ટેન્શનમાં હશે કે આ મારી ફિલ્મનું એનાઉન્સમેન્ટ છે કે અક્ષયની નવી બાયોપિકનું? જો અક્ષય બધી લાઈમલાઈટ લઈ જશે તો અજયે પોતાની એન્ટ્રી માટે બે ગાડીઓ પર નહીં પણ આખા પ્લેન પર ઊભા રહીને આવવું પડશે!•

# એક માથાફરેલ વરરાજા

દોસ્તો, માનો યા ના માનો પણ સત્ય એ છે કે આજના યુવાનોને હવે વાંચવામાંથી રસ ઊઠી ગયો છે. વડીલો જણાવે છે કે આ કારમી મોંઘવારીમાં અમે પેટે પાટા બાંધીને સંતાનોને ભણાવીએ છીએ એટલું જ ગનીમત..! કેટલાંક એવી દલીલો કરે છે કે આ દેશમાં વાલીઓ સંતાનો માટે ડોનેશન, ફી, ટ્યૂશનોકે પુસ્તકોના નાણા એકત્ર કરવામાં જ અધમૂવા થઈ જાય છે. સંતાનોની સમસ્યા પર વિચાર કરવા માટે એમની પાસે સમય જ ક્યાં બચે છે..?આ ભ્રષ્ટાચારી દેશમાં વાલીઓ પાસે બાળકોના શિક્ષણ અંગે વિચારવાનો સમય જ ક્યાં છે.માન્યું કે અમુક વાલીઓ પાસે સમય હોતો નથી. પણ જેમની પાસે સમય જ સમય છે એવાં વાલીઓ પણ સંતાનોના શિક્ષણ અંગે ઝાઝું વિચારતાં નથી.

**માબાપને દીકરાએ સમજાવવાની કોશિષ કરી, પણ માબાપ વાંકડાની બાબતે મક્કમ રહ્યાં. ત્યારે છોકરાએ શું કર્યું જાણો છો? માબાપને ધમકી આપી કે: 'જો વાંકડો માંગશો તો હું પોતે જ પોલીસમાં તમારી વિરૂદ્ધ ફરિયાદ કરીશ'**



એ સંદર્ભે ફિલ્મ 'બૉબી'નો એક સંવાદ યાદ આવે છે. ફિલ્મ 'બૉબી'માં સીમી ગરેવાલ અને પ્રાણ એ પ્રકારના બિનજવાબદાર માબાપની ભૂમિકા અદા કરે છે. એક વાર એક ડાયરામાં એક ગઢવીએ આજ વાત વિગતે કહી હતી: 'તે 'દિ મમતાના ભારે સત હતાં. બાળકને ભૂખ લાગતી અને માતાના થાનલેથી દૂધની ધારા ટપકવા માંડતી. મા ભલું કામ પડતું મૂકી બાળકને થાનલે વળગાળતી. ધાવતા બાળકને માથે મા હેતથી હાથ ફેરવતી. આજના બાળકને ઘોડિયામાં સુવડાવી રાખે છે. અને એની આંખ્યું ઝી ટીવી પર ઓળઘોળ થાતી રિયે છે..!' "ઓલુ પૌડરના દૂધવાળું બાળક મોટું થઈને બાળકને હાચો પ્રેમ કરશે ખરું..? ધરાર નઈ કરે! ઘરને કોક ખૂણે મા ઉધરસ ખાઈને બેવળ વળી જાતી હશે તો ય ઈવડો ઈ ચિત્રહાર છોડી માને પવાલુ પાણી આપવા નઈ ઊઠે..! કવિઓ અમસ્થા નથી કહેતાં: 'બદલો ભલા બૂરાનો...અહીંનો અહીં મળે છે..!'ઓલો બબલો મોટો થઈને ઓલા ઝી ટીવીનો બદલો 'ચિત્રહાર'થી લિયે છે. તો એ ચિત્રહાર નહીં, પણ ખરેખર તો એ નિષ્ફળ માતૃત્વની હારનું ચિત્ર ગણાય. ગઢવી આગળ કહે છે: 'આજની પેઢી નફ્ફટ થાતી જાય છે એવી આપણે રાડું પાડીએ છીએ. પણ આપણે એમનો પ્રેમભર્યો ઉછેર કરવામાં કાંઈ ઓછા નફ્ફટ છીએ..?? એથી જ બાપ આજે શૅરબજારમાં સટોડિયો હોય છે. અને દીકરો સ્નેહબજારે રોમિયો થઈને ભટકતો હોય છે..! આવું કારણ વિના થાતું નથી. આજે માણસ પાવડે પૈસા ભેગાં કરી તિજોરિયું ભરે છે, પણ એના મનની તિજોરમાં શાંતિનું કાણુ કાવડિયું ય નથી. એની આસપાસ ભૌત્તિક સુખની રેલમછેલ છે, પણ ઊંઘની ગોળી વિના એને ઊંઘ નથી આવતી. હરડે વિના એને જુલાબ નથી થાતો. એને કોઈ મીઠું મોઢું કરાવે તો પેંડોય ખાંડ વિનાનો ખવડાવવો પડે છે. આખા ઘરની માલીપા એરકન્ડિશન હોય તોય મન એનું લુહારની ધમણની જેમ ઉના ઉના નિહાહા નાખતું રિયે છે. માનો યા ના માનો પણ આ હંધીય મોકાણ પૌડરવાળા દૂધની છે..!"

વડીલોની મૂળ વાત પર આવીએ. સંતાનોની તુલનામાં વડીલો પાસે અનુભવોનું ભાથું વધારે હોય છે. એથી તેમને માટે સંતાનોની સમસ્યા સમજવાનું આસાન બની રહે છે.પણ હંમેશાં તેમ થતું નથી. બલકે ખુદ વડીલો ક્યારેક વંઠેલ અને જિદ્દી પુરવાર થાય છે. તેમની જક્કી માન્યતાઓ અને જુનવાણી વિચારોને કારણે તેઓ સંસારના સુખ શાંતિ સામે પિસ્તોલ ધરીને ઊભા રહે છે. કેટલાંક વડીલો ક્યારેક આખું ઘર માથે લે છે. એવાં વૃદ્ધ બાળકોના તોફાનને કારણે ઘરમાં વહુઓ નાહક બદનામ થતી રહે છે. અમારા એક મિત્રપત્ની કહે છે: 'અમે ઘરમાં પાંચ વહુઓ છે. પણ પાંચે સાથેનો તેમનો વર્તાવ ભેદભાવ વાળો હોય છે. કોઈને જલાવવા તે કોઈને પ્રેમ કરે છે અને કોઈને નફરત કરે છે. કોઈની ચૂગલી પાડોશમાં જઈને કરી આવે છે અને કોઈના પતિના કાન ભંભેરે છે.

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

દોસ્તો, મનોવૈજ્ઞાનિક સત્ય એ છે કે પાંચે આંગળીઓ ખરેખર સરખી હોતી નથી તેમ પાંચે વહુને એક સરખો પ્રેમ કરી શકાતો નથી. બલકે સગા દીકરાઓ સાથે પ્રોપર્ટીમાં ય કોઈને ગોળ અને કોઈને ખોળ જેવો વેરોવંચો થતો હોય છે. આ વડીલ સહજ નહીં માનવસહજ નબળાઈ છે. કેટલાંક વાલીઓને સંતાનોની નિજી બાબતોમાં માથુ મારવાનું વ્યસન થઈ પડ્યું હોય છે. જેમકે શિક્ષણમાં કઈ લાઈન લેવાથી માંડી પત્ની પાસે નોકરી કરાવવી કે નહીં જેવી બાબતોમાં તેઓ હિટલરને શરમાવે એવી સરમુખત્યારી આચરતાં હોય છે. હમણાં એક દેસાઈ બચ્ચાએ પોતાના દીકરાને કહી દીધું: 'છોકરી તને ન ગમે તો ધરાર ના પાડી દેજે.. પણ વાંકડો અમે જ નક્કી કરીશું. તું વાંકડામાં વચ્ચે ના આવીશ. દીકરો મોરનું ઈંડુ..! આજ્ઞાકિંતભાવે તેણે કહ્યું: 'હા, એ લેનદેનની વાતોમાં મને રસ નથી.' અને માબાપે ફર્નિચર વગેરે સાથે કુલ પોણા બે લાખમાં દીકરાનો સોદો પતાવ્યો. (એમ કહો કે વેવાઈને દીકરી જણવાની પૂરા પોણા બે લાખની પેનલ્ટી કરી.)

ઘણાં વરરાજા બળદની જેમ વેચાઈ જવામાં ગૌરવ સમજે છે. એથી વાંકડા પ્રથાનું ભવિષ્ય ઘણું ઉજ્વળ છે. ખરેખર તો માવતર પ્રત્યેનો પૂરો પ્રેમ અકબંધ રાખીને સંતાને માવતરના વિચારોનો મક્કમતાથી વિરોધ કરવો જોઈએ. એ માટે એક અન્ય દેસાઈ નબીરાનો દાખલો મોજૂદ છે. એ ભાઈશ્રી એક કોલેજકન્યાના પ્રેમમાં પડ્યા હતાં. છોકરી દેસાઈ જાતિની જ હતી પણ તેમની સ્થિતિ સાધારણ હતી એટલે છોકરીએ પ્રારંભે જ સ્પષ્ટતા કરી દીધી હતી કે: "મારા માબાપની આર્થિક સ્થિતિ સારી નથી. ત્રણ બહેનો પરણવાની બાકી છે. વાંકડો જોઈતો હોય તો અહીંથી જ અટકી જઈએ. પ્રેમ એવું પૂછીને કરાતો નથી કે તને વાંકડો ન લાવે એવી વહુ પરવડશે? દીકરો પણ વાંકડાનો ભારે વિરોધી હતો પણ એ કંઈક એવી ગેરસમજમાં રાચતો હતો કે એના માબાપ પણ આવી અપવિત્ર લેનદેનની ખિલાફ છે. પણ માબાપના મનમાં ગૂંચળું વળીને સૂતેલી નાગણની જેમ વાંકડાની છૂપી અપેક્ષા પડી હતી. જે લગન ટાણે ફૂંફાડાભેર ખડી થઈ ગઈ હતી! માબાપને દીકરાએ સમજાવવાની કોશિષ કરી, પણ માબાપ વાંકડાની બાબતે મક્કમ રહ્યાં. ત્યારે છોકરાએ શું કર્યું જાણો છો? માબાપને ધમકી આપી કે: 'જો વાંકડો માંગશો તો હું પોતે જ પોલીસમાં તમારી વિરૂદ્ધ ફરિયાદ કરીશ.'

માબાપ સમસમીને બેસી રહ્યાં. (ઘરનો ગોધો જ ખોટો નીકળ્યો ત્યાં બીજાને શું કહી શકાય..?) વહુ દીકરાને માબાપે આશીર્વાદ તો આપ્યા પણ તેમને હાડોહાડ લાગ્યું કે દીકરો બહુ વંઠેલ નીકળ્યો. સમાજમાં આવા વંઠેલ વરરાજાની વસતિ વધે તે બહુ જરૂરી છે.

### ધૂપછાંવ

સગા માબાપની વિરુદ્ધમાં વાંકડા અંગે પોલીસમાં ફરિયાદ કરવા તૈયાર થયેલા એ દેસાઈ કોમના વંઠેલ વરરાજાને અભિનંદન આપવા શબ્દો જડતા નથી.